ફરીયાદ કર્યા તારીખ	૨૨.	૧૦.	૨૦૨૦.
ફરીયાદ દાખલ તારીખ	૨૨.	૧૦.	૨૦૨૦.
ફરીયાદ ફેંસલ તારીખ	૧૮.	૦૫.	૨૦૨૪.
સમયગાળો :	વર્ષ.	માસ.	દિવસ,

सत्यमेव जयते

અમદાવાદના મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી,
ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ નંબર : ૩૭ સમક્ષ. મુ.અમદાવાદ.

ફોજદારી કેસ નંબરઃ ૬૨૭૩૨/૨૦૨૦.
આંક–

ફરીયાદી : શ્રીનાથ કલોથીગ પેઢી તથા તેના પ્રોપરાઈટર,
રોશન જયેન્દ્રકુમાર પંચાલ,ઉ.વ.આ.૪૨,ધંધોઃ–વેપાર,
ઠેઃ–૬,કોઠારી એપાર્ટમેન્ટ, ઈનસાઈડ પંચવાટીકા સોસાયટી,
શાહીબાગ,અમદાવાદ.

<u>વિરૂધ્ધ</u>

આરોપી : વેસ્ટેર્ન ક્રિએશન તથા તેના પ્રો.મશી હસનઅલી અબાસઅલી,
ઓફીસઃ– વેસ્ટર્ન ક્રિએશન,રેહમાની કોમ્પલેક્ષ સામે,
હુસેની ચોક પાસે, હાજીપુરા,હિંમતનગર,જી.સાબરકાંઠા,
તથા
રહેઃ– ગામ,સુરપુર,તા.ઈડર, જી.સાબરકાંઠા–૩૮૩૪૩૦.
તથા
અન્ય ધંધાનુ સરનામુઃ– હોટલ મેરીગોલ્ડ, સયોગ ટ્રસ્ટની સામે,
રાજેન્દ્રનગર ક્રોસ રોડની પાસે, ને.હાઈવે ૪૮,ગામ જવાનપુરા,
તા.હિંમતનગર, જી.સાબરકાંઠા–૩૮૩૨૭૬.

ગુન્હો : ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.

ફરીયાદપક્ષ તર્ફે વિધ્વાન વકીલ. – શ્રી કે.પી.વારીયા
આરોપીપક્ષ તર્ફે વિધ્વાન વકીલ. – શ્રી એમ.એસ.સૈયદ.

– <u>ચુકાદો</u>–

(૧).. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે ગારમેન્ટનો ધંધો કરે છે.આરોપી રેડીમેઈડ ગારમેન્ટ વેચવાનો ધંધો કરે છે.આરોપીએ ફરીયાદી પાસેથી તા.૧/૫/૧૮ થી તા.૨/૩/૧૯ના સમયગાળા દરમ્યાન રેડીમેઈડ ગારમેન્ટ(શર્ટ) ના ઓર્ડર આપેલ જેના તમામ માલ સાથેના અલગ અલગ બીલ આરોપીને મોકલી આપવામાં આવેલ.તેમજ

આરોપીને મોકલવામાં આવેલ માલનુ ખાતુ ફરીયાદીના ચોપડે રાખવામાં આવેલ. આરોપીએ ઓર્ડર મુજબનો માલ મળ્યા બાદ ફરીયાદીને પેમેન્ટ કરી આપવાનુ હતુ જે પેટે છેલ્લે આરોપીએ તા.૧/૧૦/૧૯ ના રોજ રૂા.૨૫,૦૦૦/- જમા કરાવેલ તે બાદ આરોપીએ સાથે હિસાબ કરતા ફરીયાદીના ચોપડે બીલના કાયદેસરના બાકી નિકળતા રૂા.૧૫,૦૫,૧૯૦/-(પંદર લાખ પાંચ હજાર એકસો નેવુ) બાકી નિકળતા તા જે હિસાબ આરોપીએ કબુલ રાખી તે રકમનો ચેક મોકલાવેલ. તે બાદ આરોપી પાસે ફરીયાદીએ કાયદેસરની લેણી નિકળતી રકમની વારંવાર ઉઘરાણી કરતા આરોપીએ રૂા.૧૫,૦૫,૧૯૦ /-(પંદર લાખ પાંચ હજાર એકસો નેવુ) બેંક ઓફ બરોડા,મહેતાપુરા,સાબરકાંઠા શાખાનો ચેક નં.૦૦૦ ૪૧૫, તા.૦૪/૦૯/૨૦૨૦ના રોજનો ફરીયાદીના નામનો લખી આપેલ.જે ચેક બેંકમા જમા થતા સ્વીકરાઈ જશે તેવો વિશ્વાસ ભરોસો આરોપીએ ફરીયાદીને આપેલ. આથી સદર ચેક ફરીયાદીએ તેઓની એચ.ડી.એફ.સી.બેંક,ગાંધી રોડ,અમદાવાદ શાખાના તેઓના ખાતામા જમા કરાતા તા.૦૭/૦૯/૨૦૨૦ના રોજ " ફંન્ડસ ઈન્સફીશીયન્ટ" શેરા થી પરત આવેલ જેની જાણ ફરીયાદીને તેઓની બેંકે કરેલ. આમ,આરોપીએ કાયદેસરની લેણી નિકળતી રકમનો ચેક આપી ચેકની રકમનુ ફંડ આરોપીએ તેઓની બેંક ખાતામા ન રાખી ચેક રીર્ટન કરાવેલ હોય. જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે આરોપીને ફરીયાદમાં જણાવેલ ત્રણેય સરનામે તા.૧૬/૦૯/૨૦૨૦ નારોજ રજીસ્ટર પોસ્ટ એડીથી નોટીસ આપેલ.આ તમામ નોટીસો આરોપીને બજી ગયેલ છે તે બાદ આરોપી ધ્વારા ચેકમાં જણાવ્યા મુજબની રકમ ચુકવી આપેલ નહિ કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી.આમ કરી આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ(કે જેને સરળતા ખાતર હવે પછીથી આ ઠરાવમાં "એકટ" તરીકે સંબોધન કરવામાં આવેલ છે)ની કલમ -૧૩૮ મુજબ ગુનો કરેલ છે તેથી આ ફરીયાદ ઉદ્દભવેલ છે.

(૨)..ફરીયાદીની ફરીયાદ લગત કોર્ટ ધ્વારા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૯૦(૧)(ક) અન્વયે કોગ્નીઝન્સ લઈ સદર અધિનીયમની કલમ-૨૦૪ અન્વયે આરોપીને એકટની કલમ-૧ ૩૮ મુજબના ગુનાના તહોમત અંગે સમન્સ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવેલ.આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ તેમના વિ.વકીલશ્રી મારફત કોર્ટ સમક્ષ હાજર થયેલ છે.ફરીયાદ તથા તે સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો આરોપીને વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. તે બાદ ક્રિ.પ્રો.કોડની

કલમ–૨૫૧ હેઠળ આરોપીની પ્લી આંક–૭ થી નોંધી ગુના અંગે પુછતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.આ કેસની કાર્યવાહી સમન્સ ટ્રાયલ કેસની કાર્યવાહીની રીતે ચાલેલ છે.

(૩).. ફરીયાદીપક્ષ તરફથી તેમની ફરીયાદની હકીકત પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

મૌખીક પુરાવાની વિગત.		
૧.	ફરીયાદીની સરતપાસની એફીડેવીટ.	૦૪.

ક્રમ.	**દસ્તાવેજી પુરાવાની વિગત.**	**આંક.**
૧.	ગુમાસ્તાધારા પ્રમાણપત્ર.	૧૧.
૨.	જી.એસ.ટી. પ્રમાણપત્ર.	૧૨.
૩.	આરોપીને મોકલેલ માલનુ બીલ.	૧૩ થી ૪૨.
૪.	આરોપીને મોકલેલ માલનુ અસલ માલનુ ભરતીયુ.	૪૩ થી ૭૨.
૫.	ફરીયાદીના ચોપડે રહેલ આરોપીના ખાતાનો ઉતારો.	૭૩.
૬.	ફરીયાદ વાળો અસલ ચેક.	૭૪.
૭.	ફરીયાદવાળા ચેકનો ચેક રીર્ટન મેમોો.	૭૫.
૮.	આરોપીને આપેલ નોટીસની ઓફીસ કોપી.	૭૬.
૯.	નોટીસ રજી.એ.ડી. કાર્યાની સફેદ પાવતી.	૭૭.
૧૦.	નોટીસ બજયા અંગેની એનોલેજમેન્ટ સ્લીપ.	૭૮,૭૯.
૧૧.	ફરીયાદીના આધારકાર્ડની નકલ.	૮૦.

(૪)..ફરીયાદપક્ષ ધ્વારા આંક–૮૦/એ થી પુરસીસ રજુ કરી તેઓ વધુ પુરાવા રજુ કરવા માગતા ન હોવાનુ જાહેર કરેલ છે.

(૫)..ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ અન્વયે તહોમતદારનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.વિશેષ નિવેદનની વિગતે આરોપી ધ્વારા તેઓની સામેના આક્ષેપિત ગુન્હાને લગતા પુરાવાનો ઈન્કાર કરેલ છે.સોગંદપર જુબાની આપવા તથા બચાવના સાહેદ તપાસવાની "ના" પાડી વિશેષમાં જણાવેલ છે કે,આરોપીએ માલ પેટેના પૈસા ચુકવી આપેલ છે હવે કોઈ નાણા આપવાના બાકી નથી ફરીયાદીએ ચેકનો દુરઉપયોગ કરેલ છે.

(૬).. પક્ષકારોનો પુરાવો પૂર્ણ થયા બાદ કેસ બંન્ને પક્ષકારોની દલીલો ઉપર રાખવામાં આવેલ. ફરીયાદપક્ષ તર્ફે તેઓની મૌખિક રજુઆતની વિગતે જણાવેલ છે કે,ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદની વિગત સોગંદ પર મૌખિક પુરાવાથી તથા તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરવામાં આવેલ છે આરોપીપક્ષ ધ્વારા અનુમાનનુ ખંડન કરતો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી તેથી ફરીયાદીની ફરીયાદ હકીકત મંજુર રાખી આરોપીને કાયદા મુજબ પુરેપુરી સજા ફરમાવવા જણાવેલ છે.

આરોપીપક્ષ તર્ફે લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે આ દલીલની મહત્વની વિગત વંચાણે લેતા તેમાં જણાવવામાં આવેલ છે કે,આરોપી તદ્દન નિદોર્ષ છે.ફરીયાદીએ સોગંદ ઉપર ખોટી જુબાની આપેલ છે.ફરીયાદીએ ઓર્ડર ફોર્મ રજુ કરેલ નથી.માલ કઈ તારીખે કયા વર્ષમાં આપેલ તેવી હકીકત જણાવેલ નથી. માલ મળેલ હોય તેવા દસ્તાવેજો આરોપીની સહી વાળા રજુ કરેલ નથી. દસ્તાવેજી આધારો કોમ્પ્યુટર વાળા બીલ છે,તે માત્ર ફરીયાદીની સહી વાળા છે તેથી તેને માની શકાય નહી તથા શ્રીનાથ કલોથીગ અને "વેસ્ટર્ન" કલોથીગનુ હિસાબી ખાતુ રજુ કરેલ છે તે ફરીયાદીએ કબુલ રાખેલ છે. તકરારી ચેક ઓર્ડર આપતા પહેલા સીકયુરીટી પેટે આપેલ હતો ફરીયાદીને માલના નાણા ચુકવી આપવામાં આવેલ છે અને ખોટી રીતે ચેકનો દુરઉપયોગ કરેલ છે વધુમા અમુક માલ ખરાબ હતો તે માલ પરત લેવાની ખાત્રી આપી ફરીયાદીએ તેવો માલ પરત લીધેલ નથી.વધુમાં,આરોપીએ રૂપિયા ૧૧, ૩૫,૧૯૦/–ની રકમ ચુકવી આપેલ છે.તેમ જણાવી ચેકનો દુરઉપયોગ થયાનુ જણાવી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

(૭).. કેસની હકીકતો તથા રજુ થયેલ પુરાવા સબબ આ કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયા છે.

:: મુદ્દા::

(૧).... શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીએ આરોપીને તેમની માગણી મુજબ ફરીયાદની વિગતે જણાવ્યા અનુસારની કિંમતનો "~~માલ~~" રેડી મેઈડ ગારમેન્ટનો માલ આપેલ અને તે પેટેની રકમ ચુકવવા આરોપી ધ્વારા ફરીયાદની વિગત વાળો ચેક તેઓની સહી કરી ચેક લખી આપેલ,જે ચેક ફરીયાદીએ સમય મર્યાદામાં બેંકમાં જમા કરાવતા તે વણચુકવાયે પરત ફરતા ફરીયાદીએ સમય મર્યાદામાં આરોપીને નોટીસ

આપેલ અને તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકની લેણી રકમ ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧ ૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨).... શું હુકમ ?

(૮).. ઉપરોકત મુદ્દા પરત્વે આ અદાલતના નિર્ણય તેના કારણ સહિત નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

<u>નિર્ણયો માટેના કારણો</u>

(૯)..પુરાવા અધિનીયમની જોગવાઈ અનુસાર જે પક્ષકાર જે હકીકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી જે તે પક્ષકારના શીરે રહે છે. ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે. સદર પુરાવા થકી પ્રાથમીકપણે ચેકની આપલે થવા બાબત પુરવાર થયે ફરીયાદીની તરફેણમાં એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ પ્રમાણેનું અનુમાન કરવાનું થાય. હાલનો કેસ એકટની કલમ–૧૩૮ અન્વયે છે ત્યારે પ્રથમ એકટની કલમ ૧૩૮ના આવશ્યક તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ઘ્યાને લેવું પડે અને તે બાબતે વિચારણા કરતા સૌ પ્રથમ એકટની કલમ–૧ ૩૮ અત્રે વર્ણવી જરૂરી જણાયેલ છે અને જે નીચે મુજબ છે.

<u>કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર:</u>

સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે,**કોઈ વ્યકિત,પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે**, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી હોય, અથવા તો બેંક સાથેની સમજૂતીની કરેલી વ્યવસ્થા મુજબ ચેકની રકમ એ રકમ કરતાં વધારે હોય ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે,અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ ઠરાવવામાં આવે છે કે,આ કલમનો કોઈપણ મજકુર લાગુ પડશે નહી સિવાય કે–

(એ) જે તારીખે ચેક લખ્યો હોય તે તારીખથી છ મહિનાની મુદત અથવા તેની કાયદેસરની મુદત એ બે માંથી જે વહેલી આવતી હોય તેટલી મુદતની અંદર બેન્કમાં ચેક રજુ કરવામાં આવ્યો હોય,

(બી) પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સબંધી બેન્ક પાસેથી તેની માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખીતમાં નોટીસ આપીને નાણાની સદરહુ રકમની ચુકવણી કરવા માટે માગણી કરી હોય અને

(સી) તેવી નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકનાં નાણાં લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહુ નાણાની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય,

ખુલાસો : આ કલમના હેતુઓ માટે " દેવું અથવા અન્ય જવાબદારી" એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ,નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય.એકટની કલમ–૧૩૯ તથા કલમ– ૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન બાબતે છે. આ અનુમાન કાયદાકીય જોગવાઈ અનુસારનુ અનુમાન છે.આ અનુમાન બાબતની સદર કલમોની જોગવાઈ પણ અત્રે વર્ણવવી ઉચિત જણાય છે અને તે નીચે મુજબ છે.

કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામા આવશે :

(ક)–અવેજ વિષે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય,તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ)– તારીખ વિષે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ)–સ્વીકારના સમય વિષે : સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ)– તબદિલીના સમય વિષે : કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ)–શેરાઓના ક્રમ વિષે : કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ)–સ્ટેમ્પ વિષેઃ ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ)–ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે : કોઈ વટાઉ ખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

કલમ–: ૧૩૯ : ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

(૧૦)..આ કામે મુદ્દા નં–૧ ના સંદર્ભમાં વિચારણા કરતાં સદર મુદ્દો પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે ફરીયાદપક્ષની છે. આરોપી સામેનું ફરીયાદીનું બાકી લેણું કાયદેસરનું વસુલ થવા પાત્ર છે અને તે કાયદેસરના વસુલ કરવાપાત્ર બાકી લેણાની ચુકવણી પેટે કે બાકી લેણાંની અંશતઃ ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક આપેલ છે અને તે ચેક અસ્વીકૃત થયેલ છે. તેમજ તે ચેક અસ્વીકૃત થયા બાદ આરોપીને તે અંગેની લેખીતમાં સાચા અને ખરા સરનામે જાણ કરવામાં આવેલ છે.તે હકીકત ફરીયાદીએ પુરવાર કરવાની છે.આ સંદર્ભે રેકર્ડ પરનો પુરાવો વિચારણામાં લેતાં ફરીયાદીએ આંક–૧ વાળી ફરીયાદ હકીકતના સમર્થનમાં આંક–૪ થી સોગંદ ઉપર લેખીત સરતપાસ રજુ કરેલ છે.સોંગદ ઉપરની સરતપાસમાં આંક–૧ની ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતોને વળગી રહી, ફરીયાદને સમર્થનકારક જુબાની આપેલ છે. સદર તમામ હકીકતોને આ કામે ઉપર વિગતવાર રીતે જણાવવામાં આવેલ હોવાથી તેનુ પુનરાવર્તન અત્રે કરેલ નથી. વધુમાં, ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.તમામ પુરાવા વિચારણામાં લેતાં તા.૦૪/૦૯/૨૦૨૦ના રોજનો આંક–૭૪ વાળો ચેક તા.૦૭/૦૯/૨૦૨૦ના રોજના આંક–૭૫ના રીર્ટન મેમાથી પરત થયેલ છે. તા.૧૭/૦૯/૨૦૨૦ના રોજ આંક–૭૬ વાળી નોટીસ રજીસ્ટર પોસ્ટ એડીથી આરોપીના ફરીયાદમાં જણાવેલ સરનામે પોસ્ટ કરવામાં આવેલ છે. જે મળ્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ આંક–૭૮,૭૯ થી રજુ થયેલ છે જે ધ્યાને લેતાં,આરોપીના સરનામે નોટીસની બજવણી થયેલાનુ જણાયેલ છે. આ દસ્તાવેજી આધારોને જે તે સમયે આખરી તબકકે પુરાવાઓનું પુરાવાકીય મુલ્ય નિર્ણીત કરવા હુકમ કરી આંક આપવામાં આવેલાનુ જણાયેલ છે. દસ્તાવેજી આધારો ધ્યાને લેતા તે બીલો, અસલ ચેક, બેંકના રીર્ટન મેમા, નોટીસની સ્થળ પત્ર, પોસ્ટ ખાતાની પહોંચ તથા એકનોલેજમેન્ટ છે આ દસ્તાવેજી આધારોની વિગત ફરીયાદી ધ્વારા તેઓની સરતપાસની વિગતમાં વર્ણવવામાં આવેલ છે. આ દસ્તાવેજી આધારો અને તેના સમર્થનનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં,દસ્તાવેજી આધારોનુ ખંડન થવાની વિગત જણાયેલ નથી ત્યારે તથા દસ્તાવેજોને આંક બાબતે પ્રસ્થાપિત થયેલ નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વિવિધ હાઈકોર્ટના ન્યાયિક નિર્ણય ધ્યાને લેતાં,આ દસ્તાવેજી આધારોને કાયમી આંક તરીકે વિચારણામાં લેવા યોગ્ય ન્યાયી જણાય છે જેથી આ દસ્તાવેજી આધારોને કાયમી આંક તરીકે વંચાણે લેવામાં આવેલ છે. આમ સદર પુરાવાની સમગ્ર વિગત ધ્યાને લેતાં આરોપીને નોટીસની બજવણી થયેલ છે.આ

દસ્તાવેજી આધાર મૌખીક પુરાવાના સમર્થનમાં વિચારણામાં લેતાં એકટની કલમ–૧૩૮ (એ), (બી), (સી) મુજબના ત્રણેય તત્વોનું પાલન થયેલ છે.ફરીયાદીની ઉલટતપાસની વિગત નજર સમક્ષ રાખતાં ચેક આરોપીના ખાતાનો ન હોવાનો કે તેમની સહી ન હોવા બાબત તકરારી બાબત જણાયેલ નથી ત્યારે હાલનો કેસ એકટની કલમ– ૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે.

(૧૧).. અનુમાન પર પહોચવા યોગ્ય કેસ જણાયેલ છે ત્યારે કયા કયા સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવાનો બોજો કોના પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતના **" હીતેન પી. દલાલ વિરુધ્ધ ભ્રતીન્દ્રનાથ બેનરજી" AIR 2001 SC 3897**ના ચુકાદામાં નિરખવામાં આવેલ બાબતને અત્રે વર્ણવવી ઉચિત જણાય છે,વધુમાં સદર ન્યાયિક નિર્ણયનો ચુકાદો ફરીયાદપક્ષે તેમની રજુઆતના સમર્થનમાં રજુ કરેલ છે.આ ન્યાયિક નિર્ણયમાં નિરખવામાં આવેલ છે કે,

(20)..........."Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the Bank towards the discharge of any liability.

(21) Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in state of Madras v/s vaidyanatha Iye,AIR 1958 SC 61,it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact

unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact.

(23)..................... the distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two.In the case of discretionary presumption if drawn may be rebutted by an explanation which "might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ૨૦૦૯ (૨) G.L.R ૧૨૪૦, મેસર્સ કુમાર એકસપોર્ટ વિરુધ્ધ વિનોદ શર્માના ચૂકાદામાં પેરા ૧૧ માં અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

para : 11. The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and **when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over.** The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable

that a prudent man ought to suppose that no consideration and debt existed. **To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial.** The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. **However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated.** At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. **Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.** The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,...આમ, એકટની કલમ– ૧૩૯ ના અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર છે.

(૧૨) ..આરોપી પક્ષ ઉપરોકત કલમ મુજબના અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજુ ના કરે તો

ત્યાં સુધી આરોપી વિરુધ્ધ એકટની કલમ– ૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનો રહે છે. અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ઘ્યાને લેવું પડે. આવો પુરાવો રજુ થવા સારૂ આરોપીએ પોતે જુબાની આપવાની જરૂરીયાત ફરજીયાત સ્વરૂપની ન હોવાનું અને માત્ર ફરીયાદપક્ષના રજુ પુરાવાનુ ખંડન કરીને કે ખંડન કરતી હકીકતોની સંભવિતાનુ પ્રાબલ્ય પુરાવામાં દર્શાવી તેઓ વિરૂઘ્ધના અનુમાનનુ ખંડન કરી શકે.

(૧૩.).. આરોપીનો બચાવ ઘ્યાને લેવામાં આવે તો તે એવો છે કે,ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ ફરીયાદીની વિગતે જણાવ્યા મુજબનુ ઉપસ્થિ થતુ નથી,ફરીયાદીને ચેક સીકયુરીટી પેટે આપેલ તેનો ખોટો ઉપયોગ ફરીયાદીએ કરેલ છે. ડેમેજવાળા માલના નાણા હતા તેટલા જ નાણા બાકી રહે છે.જેથી તે કાયદેસરનુ લેણુ નથી.

આરોપીપક્ષના બચાવની વિગત નજર સમક્ષ રાખી રજુ પુરાવા બાબતે વિચારણા કરતા,ફરીયાદીની ઉલટતપાસની વિગતમાં "જણાવેલ છે" કોઈ પણ વેપારી સાથે વ્યવહાર કરતા સમયે સીકયુરીટી પેટે વેપારી પાસેથી ચેક લેતા હોવાની વિગત ફરીયાદીએ કબુલ રાખેલ નથી.આરોપી સાથે રૂપિયા ૩૫ થી ૩૬ લાખ જેટલો વ્યવહાર થયેલ આરોપીએ તમામ નાણા ચુકવી આપેલ નથી.માલ મોકલતા હતા તેના નાણા એકાઉન્ટમાં આરોપી જમા કરાવતા હતા,અડધો માલ ડેમેજ વાળો હોવાની વિગત ફરીયાદીએ કબુલ રાખેલ નથી.ડેમેજ વાળો માલ લેવા માટે આરોપીએ ફરીયાદીને જાણ કરેલ તેવી વિગત ફરીયાદીએ કબુલ રાખેલ નથી.આરોપીને માલ પરત લેવા માટે ફરીયાદીએ વિશ્વાસ આપેલ પરંતુ તે પરત લીધેલ નહી તેવી વિગત પણ ફરીયાદીએ કબુલ રાખેલ નથી.માલની રકમ મળી ગયાની વિગત ફરીયાદીએ કબુલ રાખેલ નથી.આરોપીએ રૂપિયા આઠ લાખ સીત્તેર હજાર ચુકવી આપેલ તેવી વિગત ફરીયાદીએ સ્વીકાર કરેલ છે.આમ,ઉલટતપાસની વિગત ઘ્યાને લેતા, રૂપિયા આઠ લાખ સીત્તેર હજારની "રકમ" ~~વિગત~~ ચુકવાયાની વિગત સ્વીકૃત હકીકત છે.આ કામે તકરારી ચેક રૂપિયા પંદર લાખ પાંચ હજાર એકસો નેવુનો છે.ફરીયાદપક્ષ ઘ્વારા તેઓની ફરીયાદની વિગતમાં ફરીયાદી પેઢીના બીલ,વાઉચર તથા ફરીયાદીના ત્યાં રાખવામાં આવતુ આરોપીના ખાતાનો ઉતારો રજુ કરેલ છે.તે દસ્તાવેજની

વિગતે માલ આપેલ તે અંગેના વાઉચર નંબરો/બીલ નંબરની વિગત જણાવવામાં આવેલ છે.જે નાણા આવેલ તે ખાતામાં ક્રેડીટ તરીકે દર્શાવવામાં આવેલ છે આવા નાણા એચ.ડી.એફ.સી. બેંકના ચેક મારફતે રોકડમાં બેંક ઓફ બરોડાના ચેક ધ્વારા ચુકવાયાની વિગત જણાવવામાં આવેલ છે, કુલ માલ રૂપિયા બત્રીસ લાખ નેવ્યાસી હજાર એકસો એકયાસીનો આપવામાં આવેલાનુ તેમાંથી જમા થયેલ રકમ બાદ કરી બાકી રહેતી રકમ રૂપિયા પંદર લાખ પાંચ હજાર એકસો નેવુ કે જે એકાઉન્ટના દસ્તાવેજમાં બાકી રકમ તરીકે જણાયેલ છે.આવા દસ્તાવેજી પુરાવાઓનુ ખડંન થવાની વિગત નથી.ડેમેજ વાળો માલ હતો તેવો આરોપીપક્ષનો બચાવ છે પરંતુ આટલા મોટા પ્રમાણમાં આપવામાં આવેલા માલ માંથી કયો કયો માલ કેટલા રૂપિયાનો ડેમેજ હતો તે માલ આરોપીએ ફરીયાદીને પરત આપેલ હોય તેવી વિગત નથી આવો માલ પરત લઈ જવા માટે આરોપી ધ્વારા ફરીયાદીને જાણ કરવામાં આવેલ હોય તેવુ કથન જયારે ફરીયાદી ઉલટતપાસની વિગતે સ્વીકાર કરતા નથી ત્યારે સ્વતત્ર રીતે આરોપીપક્ષ પુરવાર કરી શકતા નથી ત્યારે આરોપીપક્ષનુ માલ ડેમેજ હોવાનુ કથન માનવા પાત્ર જણાયેલ નથી.આમ, સમગ્ર પુરાવાની વિગત ધ્યાનમાં લેતા આરોપીપક્ષ તર્ફે જે બચાવ લેવામાં આવેલ છે તે બચાવની વિગત પુરવાર થવાનુ માનવા પુરતા પુરાવા જણાયેલ નથી.ફરીયાદપક્ષ જે નાણા બાકી હોવાનુ વિગત સાથે આવેલ છે તે વિગત મુજબના નાણા પુરેપુરા ચુકવી આપવામાં આવેલ હોય તેવી વિગત ફરીયાદીની ઉલટતપાસની વિગતમાં જણાયેલ નથી.આરોપીએ વિશેષ નિવેદનની વિગતે પુરેપુરા નાણા ચુકવી આપેલ અને કોઈ નાણા બાકી નથી તેવી વિગત જણાવેલ છે પરંતુ તેવા નિવેદનની વિગત માનવામાં આવે તે રીતે સ્વતંત્ર પુરાવો રજુ કરેલ નથી.ઉલટતપાસની વિગતમાં આવુ કથન માનવા બાબતે પુરાવો જણાતો નથી કે આવી વિગત માનવા પુરતા સંજોગો ફરીયાદીની ઉલટતપાસ પરથી કે રજુ સમગ્ર પુરાવાની વિગતથી સર્જન થતા હોય/ નિમાર્ણ પામતા હોય તેવી વિગત જણાયેલ નથી ત્યારે આરોપીપક્ષના સદર બચાવના કથન થકી કાયદાકીય રીતે જે અનુમાન ઉપસ્થિત થયેલ છે તેનુ ખંડન થતુ હોવાનુ માની શકાય નહી.

આરોપીપક્ષની સમગ્ર રજુઆત ધ્યાને લઘી, તે રજુઆતની વિગતે આરોપી ધ્વારા ફરીયાદીને નાણા ચુકવી આપેલાની વિગત સ્વીકાર કરવામાં આવેલ છે તે વિગત ધ્યાને લેતા,રૂપિયા અગ્યાર લાખ પાત્રીસ હજાર એકસો નેવુ ચુકવી આપેલ તેવુ જણાવેલ છે આ સ્વીકૃતીની વિગત ધ્યાને લેતા,આરોપીપક્ષની અન્ય રજુઆત અનુમાનના ખંડન બાબતે છે તે માનવા પાત્ર રહે નહી અને તે

સાથે સંમત થઈ શકાય નહી.

(૧૪)..આમ આ કામે રજુ સમગ્ર પુરાવાના મૂલ્યાંકનની ઉપરોકત ચર્ચા સબબ આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવની વિગતે એકટમાં જોગવાઈ કરવામાં આવેલ કાયદાકીય અનુમાનનું ખંડન કરવા અસરકારક કે સબળ જણાયેલ નથી. આમ, રેકર્ડ ઉપરની તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીપક્ષ આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન મુળભૂત રીતે એકટની કલમ–૧૩૯ના અનુમાનોનુ ખંડન કરવા જે બચાવ લઈને આવેલ હતા તે બચાવ રેકર્ડ ઉપર સાબિત કરવામાં તેમજ તે બચાવને શા માટે માનવા.? તેના વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં કે તેવી હકીકતની સંભવિતતાનુ પ્રાબલ્ય હોવાનુ પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ છે આમ રેકર્ડ ઉપરની તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપી પોતાના ઉપર રહેલ એકટની કલમ–૧૩૯ મુજબના કાનુની અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ રહે છે. તેની સામે ફરીયાદપક્ષનો કેસ રેકર્ડ ઉપર ઉપસ્થિત મૌખિક અને દસ્તાવેજી પુરાવાના આધારે એકટની કલમ–૧૧૮ સાથે વંચાણે લેતાં કલમ– ૧૩૯ ના કાનુની અનુમાનોની મદદથી વ્યાજબી શંકાથી પર સાબિત થઈ આવે છે.

(૧૫).. આમ,ઉપરોકત તમામ પુરાવા નજર સમક્ષ રાખતાં એ હકીકત સ્પષ્ટ પુરવાર થાય છે કે, આંક–૭૪ વાળો ચેક આરોપી ધ્વારા ફરીયાદીને કાયદેસરની લેણી રકમ પેટે આપેલ હતો. જે ચેક "**ફંડ ઈનસફીશીયન્ટ**"ના શેરા સાથે પરત થયેલ અને ચેકના નાણાં ફરીયાદીને મળેલ નહી અને ચેક પરત થયેલ છે અને એ રીતે આરોપીએ નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ની જોગવાઈનો ભંગ કરેલ છે,જેથી ઉપરોકત તમામ પુરાવાની ચર્ચા સબબ આ તમામ હકીકતોને નજર સમક્ષ રાખી **મુદ્દા નં.૧** નો જવાબ આ અદાલત હકારમાં ઠરાવે છે અને તેથી આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

અમદાવાદ .
તા. ૧૮/૦૫ /૨૦૨૪.

(વિનોદકુમાર દિનુભાઈ પટેલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એ.કોર્ટ નં.૩૭,અમદાવાદ.

(૧૬) આજરોજ આરોપીને તકસીરવાન ઠરાવ્યા બાદ સજા સંદર્ભે સાંભળવામાં આવેલ છે. આરોપી તર્ફે વિ.વકીલશ્રી ધ્વારા રજુઆત કરી જણાવેલ છે કે,આરોપી તરફથી ચેકની જે રકમ છે તેમાથી ૨૦% જેટલી રકમ ફરીયાદીને ચુકવવાના બાકી છે.૮૦ % રકમ કેસના ચાલુ કામ દરમ્યાન ચુકવી આપેલ છે જે વિગત ધ્યાને લઈ તેઓને ઓછામાં ઓછી સજા કરવી જોઈએ.

ફરીયાદપક્ષ તર્ફે હાજર વકીલશ્રી ધ્વારા રજુઆત કરી જણાવેલ છે કે,આરોપીએ સમય સર નાણા આપેલ નથી લાંબા સમય થી ફરીયાદીને ધકકા ખવડાવેલ છે સમાધાનની પુરસીસ રેકર્ડ રજુ કરેલ છે જે વર્તન ધ્યાને લઈ કાયદા મુજબ મહતમમાં મહત"મ" સજા ફરમાવી જોઈએ.

આ કામે થયેલ રજુઆત ધ્યાને લેતાં,અને રજુ રેકર્ડ વંચાણે લેતાં,એ હકીકત સ્પષ્ટ રીતે સાબિત થઈ આવેલ છે કે,આ કામના આરોપીએ કાયદેસરના નાણાંની પરત ચુકવણી માટે ફરીયાદવાળો ચેક આપેલ.જે ચેક પાસ કરાવવાની આરોપીની જવાબદારી હોવા છતાં આરોપીએ પોતાની ફરજ નિભાવેલ નથી અને આરોપીએ આપેલ ચેક રીટર્ન થયેલ છે જે કારણસર ફરીયાદીને હાલની સમગ્ર ટ્રાયલમાં ભાગ લેવાની ફરજ પડેલ છે. તેમજ ફરીયાદીને ફરીયાદવાળા ચેકની રકમનું નાણાંકીય નુકશાન થયેલ છે તે રકમની ભરપાઈ આરોપી પાસેથી કરાવવી ન્યાયોચિત જણાઈ આવે છે.હાલના ગુન્હા સંદર્ભે ચર્ચા કરવામાં આવે તો હાલના ગુન્હાની વળતી અસર બેંકીગ વ્યવહારો ઉપર તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઉપર ભરોસો રાખી સમાજમાં થતા આર્થિક વ્યવહારો ઉપર સીધી રીતે પડે છે. જેથી હાલના ગુન્હાને સામાન્ય ગણી શકાય તેમ નથી,આરોપી સામે એકટની કલમઃ૧૩૮ મુજબનો ગુન્હો પુરવાર થતો હોય નામદાર સુપ્રિમ કોર્ટે જી.એલ.આર.૨૦૧૨(૨)૧૩૫૩,આર.વિજયન વિ. બેબી ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા માર્ગદર્શક સિધ્ધાંતો તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમઃ૩૫૭ ધ્યાને લેતાં તથા, કેસની હકીકત ધ્યાને લેતાં આરોપી ફરીયાદીને ચેકની રકમ જેટલુ વળતર ચુકવે તે ન્યાયીક જણાય છે તે મુજબ આરોપી એ ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવો જરૂરી છે.આ કામે કેસના ચાલુ કામ દરમ્યાના રૂા.૮,૭૦,૦૦૦/- આરોપી ધ્વારા ફરીયાદીને ચુકવાયેલ હોવાનુ રેકર્ડ પુરાવો જણાયેલ છે ત્યારે તકરારી ચેકની રકમમાંથી ચુકવાયેલ રકમ બાદ કરી બાકી રકમ પુરતુ વળતર ચુકવવા હુકમ કરવો જરૂરી છે.તેમજ આરોપી સામે અન્ય ગુના નોંધાયેલાનું કે સાબીત થયાનું રેકર્ડ ઉપર ન હોય, બે વર્ષની પુરી સજા નહી કરતા એક વર્ષની સજા કરવી યોગ્ય અને ન્યાયીક જણાય છે. સમગ્ર

હકીકતે તહોમતદાર વિરૂધ્ધના એકટની કલમ– ૧૩૮ મુજબના ગુન્હાના તત્વો પુરવાર થયેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ **હકારમાં** આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::

૧..આ કામના આરોપી–વેસ્ટેર્ન ક્રિએશન તથા તેના પ્રો.મશી હસનઅલી અબાસઅલી, ઓફીસઃ– વેસ્ટર્ન ક્રિએશન,રેહમાની કોમ્પલેક્ષ સામે,હુસેની ચોક પાસે, હાજીપુરા,હિંમતનગર,જી.સાબરકાંઠા, **તથા** રહેઃ– ગામ,સુરપુર,તા.ઈડર, જી.સાબરકાંઠા–૩૮૩૪૩૦,**તથા** અન્ય ધંધાનુ સરનામુઃ– હોટલ મેરીગોલ્ડ,સયોગ ટ્રસ્ટની સામે,રાજેન્દ્રનગર ક્રોસ રોડની પાસે,ને.હાઈવે ૪૮,ગામ જવાનપુરા, તા.હિંમતનગર,જી.સાબરકાંઠા–૩૮૩૨૭૬.નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ૧૩૮ના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી **૧ (એક વર્ષ)ની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨..આ કામના આરોપીએ ફરીયાદીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમઃ ૩૫૭ મુજબ ચેકની રકમમાંથી ચુકવાયેલ રકમ રૂા.૮,૭૦,૦૦૦/– બાદ કરતા રૂા. ૬,૩૫,૧૯૦/––(છ લાખ પાત્રીસ હજાર એકસો નેવુ) ફરીયાદ કર્યા તારીખથી વાસ્તવિક ચુકવણા તારીખ સુધી વાર્ષિક ૮%ના સાદા વ્યાજ સહિત આ હુકમ થયેથી દિન–૩૦માં વળતર પેટે ચુકવી આપવી.જો આરોપી ફરીયાદી ને વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૪ (ચાર) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩.. આરોપીને આ ચુકાદાની એક નકલ આરોપી ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૩ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવી.

આ ચુકાદો આજરોજ તારીખ–૧૮મી માહે–મે,સને– ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૮/૦૫/૨૦૨૪

(વિનોદકુમાર દિનુભાઈ પટેલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એકટ કોર્ટ નં. ૩૭,અમદાવાદ.
GJ 01148